# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 8/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **પિયત અને બિનપિયત પાકો માટે એકસમાન ધોરણે સહાય આપવાની જોગવાઇ સાથે ખેડૂતો માટે દસ હજાર કરોડના રાહત પકેજની સરકારે જાહેરાત કરી.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે , રાજય સરકાર આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ**
3. **ઓખાની એક બોટના આઠ માછીમારોનું પાકિસ્તાન દ્વારા અપહરણ કરાયું**
4. **આગામી બે દિવસમાં ઠંડીનો ચમકારો વધે તેવી આગાહી.**
5. **T-20ની છેલ્લી મેચમાં બ્રિસ્બેનમાં ભારત સામે ઓસ્ટ્રેલિયા શ્રેણી સરભર કરવાના નિશ્ચય સાથે મેદાનમાં ઉતરશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM ANNOUNCED RELIEF PACKEG FOR FARMERS

રાજ્ય સરકારે કમોસમી વરસાદને કારણે ખેડૂતોને  થયેલા પાક નુકસાનની સહાય પેટે દસ હજાર કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી છે.

મુખ્યમંત્રીએ આ રાહત પેકેજની જાહેરાત કરતાં કહ્યું કે , ગુજરાતમાં ગત બે દાયકામાં ન થયો હોય એ પ્રકારનો અસાધારણ કમોસમી વરસાદ આ વર્ષે થતા રાજ્યના વિવિધ જિલ્લાના ખેડૂતોના પાકને મોટું નુકસાન થયું છે.

મંત્રીઓએ જુદા-જુદા જિલ્લાઓમાં જઈને અસરગ્રસ્ત ખેડૂતોની સાથે પ્રત્યક્ષ વાતચીત કરીને તેમની સ્થિતિ જાણીને એક અહેવાલ રાજ્ય સરકારને સુપરત કર્યો હતો આ અહેવાલ બાદ રાહત પેકેજની મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી.

સાથોસાથ આવતીકાલથી રાજ્ય સરકાર ખેડૂતો પાસેથી ટેકાના ભાવે આશરે 15 હજાર કરોડથી વધુના મૂલ્યની મગફળી મગ, અડદ અને સોયાબીનની ખરીદી કરવા પણ જઈ રહી હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

## બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી

કુદરતી આપત્તિની આ ઘડીમાં ધરતીપુત્રોની વ્યથાને સમજીને રાજ્ય સરકાર પૂરી સંવેદનાથી તેમની પડખે ઊભી છે. મુખ્યમંત્રીએ આ રાહત પેકેજની જાહેરાત કરતાં ધરતીપુત્રોને વિશ્વાસ આપતાં  હતું કે અન્નદાતાઓની આર્થિક સુખાકારીની ચિંતા પોતાના માથે લઈને રાજ્ય સરકાર તેમની સહાયતા માટે હંમેશા છે.

---

# WAGHNI ON FARMERS RELIFE PKG

રાજ્ય સરકારે દસ હજાર કરોડના રાહત પકેજની જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રી દ્વારા જાહેર કરાયેલા આ પેકેજની જાહેરાત બાદ રાજ્યના કૃષિ મંત્રી જીતુ

વાઘાણીએ કહ્યુ કે , સરકારે જાહેર કરાયેલા સહાય પેકેજ અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક નુકસાનમાંથી ઝડપભેર બેઠા થઈને પૂર્વવત થવામાં મદદરૂપ નીવડશે.

કમોસમી વરસાદથી ખેતી પાકોને થયેલા વ્યાપક નુકસાનમાંથી ધરતીપુત્રોને પુન: બેઠા કરવા રાજ્ય સરકારની સંપૂર્ણ સંવેદના હોવાનું પણ કૃષિમંત્રીએ ઉમેર્યું હતું.

રાજ્યભરમાં કરવામા આવેલા સર્વેની વિગતો આપતાં તેમણે કહ્યું કે, 33 જિલ્લાના 251 તાલુકાના 16 હજાર 500થી વધુ ગામોના ખેડૂતોને થયેલા પાક નુકસાનનો પાંચ હજાર 100 ટીમોએ સરવે હાથ ધર્યો હતો જેના કારણે ત્વરિત ગતિએ રાહત પેકેજ જાહેર કરવાનું સરળ બન્યું .

---

## CM BIRSA MUNDA

સરકાર આદિવાસી લોકોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. તેમણે આ અંગેની વિગતો આપતા કહ્યું કે, આદિ કર્મયોગી અભિયાન અન્વયે રાજ્યના 1 લાખ 40 હજારથી વધુ લોકોએ આદિવાસી ગામ વિઝન 2030 વિલેજ એક્શન પ્લાન તૈયાર કર્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતી ઉજવણી નિમિત્તે યોજાઇ રહેલી જનજાતિય ગૌરવ યાત્રાનો ગઇકાલથી અંબાજીથી પ્રારંભ કરાવતાં કહ્યું કે, આ યાત્રા વિકાસની નવી કેડી કંડારશે.

### બાઇટ- ભૂપેન્દ્ર પટેલ,

---

# GCRI MACHIN LOKARPRAN- PRAFULBHAI PANSERIYA

અમદાવાદની કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ખાતે 44 કરોડ રૂપિયાના ખર્ચે આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાના હસ્તે ન્યૂક્લિયર મેડિસિન વિભાગમાં અદ્યતન PET-CT અને SPECT-CT મશીનોનું લોકાર્પણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, કે કેન્સરની સારવારની અદ્યતન ટેકનોલોજી દ્વારા અદ્યતન PET-CT અને SPECT-CT મશીનોનું દેશમાં પ્રથમ વાર શરૂ કરવામાં આવ્યા છે, જે દર્દીઓ માટે વધુ અસરકારક નિદાન અને સારવાર માટે મદદરૂપ બનશે.

આ સાથે જ અમદાવાદની ગવર્મેન્ટ ( CL&SC) સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટ, સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાના હસ્તે પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સ વિભાગ માટે આધુનિક સાધનોનું લોકાર્પણ કરવામાં આવ્યું.

---

# VANDE MATARM OVERALL

(MUSIC - VANDE MATARAM)

રાજ્યભરમાં રાષ્ટ્રીય ગીત વંદે માતરમની રચનાના 150 વર્ષ પૂરા થવા પર રાજ્યભરમાં સામુહિક ગાન અને સ્વદેશીના શપથગ્રહણ સહિતના વિશેષ કાર્યક્રમો યોજાય રહ્યા છે.

જસદણ નગરપાલિકા ખાતે મંત્રી કુંવરજી બાવળીયાની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય ગીત વંદે માતરમની ૧૫૦ વર્ષની ઉજવણી નિમિતે સામુહિક ગાન કરવામાં આવ્યું અને સ્વદેશીના શપથ ગ્રહણ કરવામાં આવ્યા.

આ પ્રસંગે મંત્રીશ્રીએ કહ્યું હતું કે , રાષ્ટ્રીય સ્વતંત્રતા ચળવળ દરમિયાન રાષ્ટ્રગાન “વંદે માતરમ”એ દેશવાસીઓમાં રાષ્ટ્રીય એકતાની ભાવનાને ઉજાગર કરી હતી સાથે જ રાજકોટ કલેકટર

કચેરી,  જિલ્લા પંચાયત કચેરી સહીત તમામ સરકારી કચેરીઓમાં પણ સમૂહમાં "વંદે માતરમ્"નું ગાન કરવામાં આવ્યું અને સ્વદેશી ભાવનાને પ્રજ્વલિત કરવા માટે શપથ લેવાયા હતા.

ભાવનગર શહેર ભાજપ અધ્યક્ષ કુમાર શાહની અધ્યક્ષતામાં ભાજપ કાર્યાલય ખાતે રાષ્ટ્રીય ગીતનું સામુહિક ગાન કરવામાં આવ્યું. આ પ્રસંગે મહાનગર પાલિકાના પદાધિકારીઓ , પૂર્વ શહેર મહામંત્રીઓ સહિત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

મોરબીમાં જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી સહિત વિવિધ સરકારી કચેરીઓમાં વંદે માતરમનું સમુહગાન કરવામાં આવ્યું.

પંચમહાલના ગોધરા ખાતે વિવિધ કચેરીઓમાં અધિકારીઓ દ્વારા વંદે માતરમનું સમૂહગાન કરવામાં આવ્યુ.

વાંસદા તાલુકાના મહુવાસ ગામે સત્ય સાંઈ લક્ષ્મી મોહન વિદ્યાલયમાં વંદે માતરમનું સામૂહિક ગાન કરીને માં ભારતીની વંદના કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાજપના મહામંત્રીએ આત્મનિર્ભર ભારત માટે સ્વદેશી વસ્તુઓની જ ખરીદી કરવામાં આવે અને જીવનમાં શિક્ષણના મહત્વ વિશે સમજણ આપી હતી.

---

# DIU FISHERMEN APHARAN

**ઓખાની એક બોટના આઠ માછીમારોનું પાકિસ્તાન એજન્સી  દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે. જેમાં કેન્દ્રશાસિત પ્રદેશ દીવના 3 માછીમારો પણ છે.**

**દીવના લોકો મુખ્ય માછીમારી વ્યવસાય સાથે જોડાયેલા છે ત્યારે તેઓ દીવની ફિશિંગ બોટની સાથે સાથે ગુજરાતની બોટમા પણ ફિશિંગ અર્થે જતા હોય છે. અને આ ત્રણ માછીમારો ફિશિંગ માટે ગયા હતા અને જે બાદ એમનું અપહરણ કરવામાં આવ્યું છે.**

દીવના સાઉદવાડીના બે માછીમાર અને વણાકબારાના એક માછીમારનુ પાકિસ્તાન એજન્સી દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે. જેના કારણે દીવના માછીમારો તથા પરિવાર જનોમા ચિંતા વ્યાપી છે.

---

## DIU PANCHAYTI RESULT

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં નગરપાલિકા અને પંચાયતની યોજાયેલી ચૂંટણીનું આજે પરિણામ જાહેર થશે. જેની મતગણતરી માટે તમામ વહીવટી તૈયારીઓ કરી લેવામાં આવી છે.

મતગણતરી માટે કુલ 14 ટેબલ ગોઠવવામાં આવ્યા છે  અને મતગણતરી પ્રક્રિયા 11 રાઉન્ડમાં પૂર્ણ થશે. દરેક રાઉન્ડ પછી ક્રમિક રીતે પરિણામો જાહેર કરવામાં આવશે.

આ ચૂંટણીમાં, દમણ જિલ્લા પંચાયતની 6 બેઠકો માટે 13 ઉમેદવારોનું ભાવિ જ્યારે 7 ગ્રામ પંચાયતના સરપંચ પદ માટે ચૂંટણી જંગમા ઉતરેલા 15 ઉમેદવાર અને દમણ મ્યુનિસિપલ કાઉન્સિલના  ત્રણ વોર્ડ માટે 6 ઉમેદવારોનું આજે ભાવિ નક્કી થશે. મતગણતરી સ્થળ પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

---

## WEATHER

રાજ્યમાં ઠંડીનો ચમકારો વધે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉક્ટર એ.કે. દાસે જણાવ્યું કે, પવનની દિશા બદલતા ઉત્તર પૂર્વથી પૂર્વની થતા ઠંડીનો અનુભવ થશે. ઉત્તર તરફથી પવન

આવતા તાપમાન ઘટવાની આગાહી કરવામાં આવી છે. મોટાભાગના જિલ્લાઓમાં 2-3 ડિગ્રી તાપમાન ઘટવાની શક્યતા છે.

અમદાવાદમાં પણ ઠંડીનો ચમકારો અનુભવાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

## બાઇટ- ડો. એ.કે.દાસ, વડા હવામાન વિભાગ

---

## MEN'S CRICKET

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ મેચોની T- 20 ક્રિકેટ શ્રેણીની અંતિમ મેચમાં આજે બ્રિસ્બેનના ગાબા ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે પોણા બે વાગ્યે શરૂ થશે.

ગુરુવારે ક્વીન્સલેન્ડમાં રમાયેલી ચોથી મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને 48 રનથી હરાવીને શ્રેણીમાં 2-1ની લીડ મેળવી લીધી છે. આજની મેચમાં માત્ર એક વિકેટ સાથે, ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહ ટ્વેન્ટી20 ક્રિકેટ મેચમાં 100 વિકેટ લેનાર બીજા ભારતીય બોલર બનશે.

જો તે આ સિદ્ધિ હાંસલ કરશે , તો તે રમતના ત્રણેય ફોર્મેટમાં 100 થી વધુ વિકેટ લેનાર પ્રથમ ભારતીય બોલર પણ બનશે.

---

# BHARAT PARV RAHUL SHRIVASTAV

'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'ના પરિસરમાં સરદાર વલ્લભભાઈ પટેલની 150 મી જન્મજયંતિ નિમિત્તે સરકારના સહયોગથી 15 નવેમ્બર સુધી એકતા નગર ખાતે 'ભારત પર્વ'નું આયોજન થયું છે.

આ ઉત્સવમાં મધ્યપ્રદેશના ભોપાલના વાદ્યયંત્ર પ્રતિરૂપ કલાકાર રાહુલ શ્રીવાસ ફર્નિચરના વેસ્ટ મટિરિયલમાંથી ૪૦ પ્રકારના નાના સંગીત વાદ્યોના પ્રતિરૂપ બનાવી રહ્યા છે. આ પ્રતિરૂપ વાદ્યો વોકલ ફોર લોકલની ભાવનાનું જીવંત ઉદાહરણ પણ છે.

એક ડગલું આગળ વધીને તેઓ 20 જેટલી મહિલાઓને રોજગારી આપી રહ્યાં હોવાનું રાહુલ શ્રીવાસે જણાવ્યું હતું.

## બાઇટ- રાહુલ શ્રીવાસ

---